# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM SANAND

સાણંદના કેન્સ ટેકનોલોજીના પ્લાન્ટના આરંભ સાથે જ ભારત સેમિકન્ડક્ટરના ક્ષેત્રમાં એક મજબૂત અંગ બની ગયું હોવાનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતુ.. સાણંદમાં કેન્સ ટેકલોનોજીના પ્લાન્ટનો 14 મહિનામાં જ આરંભ થયો.

ભારતના સેમિકન્ડક્ટકર ક્ષેત્રમાં મહત્વપૂર્ણ એવા આ એકમના ઉદઘાટન સાથે ગુજરાતના સેમિકન્ડક્ટરના ઉત્પાદન ક્ષેત્રને નવી ગતિ અને દિશા મળશે.

## (બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

પ્રધાનમંત્રીએ સેમિકન્ડક્ટરને લગતાં ઉભા કરાયેલા સ્ટોલની મુલાકાત લઇને તેની વિગતવાર માહિતી મેળવી હતી.. તેમણે અહી પ્રદર્શિત કરવામાં આવેલા સેમિકંન્ડક્ટરના પાર્ટ્સની જાણકારી મેળવી હતી.. તેમણે સેમિકંન્ડક્ટર ક્ષેત્રે કાર્યરત યુવા ઇજનેરો સાથે પણ વાતચિત કરી હતી.. કેન્દ્રીય આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે વિકસિત ભારત 2047ના લક્ષ્યને હાંસલ કરવામાં આ નવી પહેલને કારણે વેગ મળશે.

## (બાઇટ- અશ્વિનિ વૈષ્ણવ, આઇટી મંત્રી)

કાર્યક્રમને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે ફક્ત 14 મહિનામાં જ આ પ્લાન્ટ કાર્યરત થયો તે પણ એક ઉપલબ્ધી છે.

આ કાર્યક્રમ બાદ શ્રી મોદી નવરચિત વાવ-થરાદ જિલ્લામાં 19 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ત્યારબાદ તેઓ આસામ જવા રવાના થશે.

# PM MODI GUJARAT VISIT UPDATE

આ પહેલા શ્રી મોદીએ ગાંધીનગરના કોબામાં શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર ખાતે સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલયનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે જાહેર સભાને સંબોધતાં શ્રી મોદીએ સૌને મહાવીર જયંતીની શુભેચ્છાઓ પાઠવી હતી.

શ્રી મોદીએ આ સંગ્રહાલયને ભારતના ગૌરવશાળી ભૂતકાળનો વારસો ગણાવ્યો.

(BYTE: NARENDRA MODI, PM) GLOBAL SITUATION

અગાઉ સવારે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ અમદાવાદ વિમાનમથક પર શ્રી મોદીનું સ્વાગત કર્યું હતું.

શ્રી મોદી નવરચિત વાવ-થરાદ જિલ્લામાં 19 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. ત્યારબાદ તેઓ આસામ જવા રવાના થશે.

# SURAT AAG

સુરતના લિંબાયત વિસ્તારમાં બનેલી આગની ઘટનામાં પાંચ લોકોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે એક મકાનમાં સાડી પેકિંગ મટિરિયલમાં આગ લાગી હતી જેમાં ચાર મહિલા અને એક બાળકનું મોત થયું જ્યારે પાંચ લોકો દાઝ્યા હતા.  આગ લાગવાનું કારણ હજુ સામે આવ્યું નથી.

# UMRETH JAHERNAMU

ઉમરેઠ વિધાનસભા મતદાર વિભાગ માટે ચૂંટણી નોટીસ જાહેર કરવામાં આવી છે. જે અંતર્ગત ઉમેદવારી પત્ર 6 એપ્રિલ સુધી જાહેર રજા સિવાય સવારના 11 વાગ્યાથી બપોરના 3 વાગ્યા સુધી મેળવી શકાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી 7 મી એપ્રિલે કરાશે. 9 મી એપ્રિલ સુધી ઉમેદવારી પરત ખેંચી શકશે. મતદાન. 23 એપ્રિલ ગુરૂવારે સવારે 7 વાગ્યાથી સાંજના 6 વાગ્યા સુધી થશે, પ્રથમ દિવસે એક પણ ઉમેદવારીપત્ર ભરાયું ન હતું જ્યારે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે સ્વ. ગોવિંદભાઈ પરમારના પુત્ર અને હાલ ચિખોદરા ગામના સરપંચ હર્ષદભાઈ પરમારની પસંદગી કરવામાં આવી છે. જ્યારે અન્ય પક્ષોના ઉમેદવારોની પસંદગી બાકી છે. ત્રિકોણીય જંગ જામશે કે કેમ તે હજી સ્પષ્ટ નથી.

# BHARUCH VIKAS KARYO

ભરૂચ નગર સેવા સદનના વોર્ડ નંબર 8 અને 9માં ચાર કરોડ રૂપિયાના ખર્ચે વિવિધ વિકાસકાર્યોનું આજે ખાતમુહૂર્ત કરાયું. જેમાં બે કરોડ 25 લાખ  રૂપિયાથી વધુના ખર્ચે વોર્ડ નંબર 8માં કલામંદિરથી સિદ્ધનાથ નગર, અંબાજી મંદિર સુધીના માર્ગનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. વોર્ડ નંબર 9માં અંદાજે બે કરોડના ખર્ચે સીસી રોડ, પેવર બ્લોક સહિતના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

# BAHUCHARAJI ACCIDENT

પાટણ જિલ્લાના સિદ્ધપુરથી બહુચરાજી જતાં શ્રદ્ધાળુઓના સંઘને આજે અકસ્માત નડ્યો હતો. દેલવાડા ગામ નજીક ટ્રક ચાલકે અડફેટે લેતા બે યુવકના મોત થયા, જ્યારે 6 શ્રદ્ધાળુઓને ઇજા પહોંચતા હોસ્પિટલ ખસેડાયા હતા. ઘટના અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.